# મોટા સમુહમાં અને ઘરોમાં મળતી ખ્રિસ્તી સંગત

### બાળકોને શિક્ષણ આપવા ખાસ વાંચો H6B

**પ્રાર્થના :** ખ્રિસ્ત પ્રભુ તારા પુનરુત્થાન દ્વારા અમને તું જીવિત બનાવ અને અમારા શરીરને જીવિત રાખ તેમજ નાની મોટી દીકરીઓ તેમજ પૌત્રીઓના શરીરને તે જ આશામાં તૈયાર કરવા માટે અમારી મદદ કર.

**૧. નાના ઘરોમાં ચાલતી પ્રભુમંદિરની સંગત ને મદદરૂપ થવા તમે આટલી તૈયારી કરો.**

પ્રથમના વિશ્વાસીઓ ક્યાં ક્યા ભેગા મળતા હતા. તેના માટે પ્રે.કૃ. ૨ :૪૬ અને ૪૭, ૧૮ :૭, માં જૂઓ.

- વિશ્વાસીઓ પ્રભુની મેજના ભાગીદાર ક્યાં થતા હતા ? પ્રે.કૃ. ૨ :૪૬ (તેઓના ઘરોમાં)
- લોકોને ઈસુ વિષેનું શિક્ષણ પ્રેરિતોએ ક્યાં આપ્યું ? પ્રે.કૃ. ૫ :૪૨, ૨૦ :૨૦ માં મળશે. (પ્રભુ મંદિર અને ઘરોમાં.)
- ફીલીપીમાં પ્રેરિતો વિશ્વાસીઓને શોધવા ક્યાં ગયા ? પ્રે.કૃ. ૧૬ :૪૦ (લુદીયાના ઘરમાં)

પ્રે.કૃ. ૧૬ :૪૦, રોમનોને પત્ર ૧૬ :૫, પહેલો કરંથીઓને પત્ર ૧૬ :૧૯, કલોસીઓને પત્ર ૪ :૧૫ થી૧૬, ફીલેમોનને પત્ર ૧ : ૧થી ૩ માં તમને મળશે.

પાઉલ પ્રેરિતે તેના પત્રો માં ક્યા સ્વરૂપમાં મડળીઓ સંગત કરતીહતી તે લખેલ છે ( લોકોના ઘરોમાં)

કેટલીક સંગતોને હાથી સાથે સરખાવી શકાય, કે જે ખૂબ જ મજબૂત હોય છે અને ઘણું કાર્ય કરી શકે છે. તથા કેટલીક સંગાતોને ઉંદરો સાથે સરખાવી શકાય તે મજબૂત નથી હોતી. પણ તેઓ નવી ઉત્પત્તિ ઝડપથી કરી શકે છે. તેને નીચે મુજબ મુલવી શકાય



| હાથીઓ | ઉંદરો |
| --- | --- |
| • પરિપકવતા ૧૮ વર્ષે આવે | • પરિપકવતા ૪ માસમાં આવે. |
| • એક મદનીયા નો જન્મ એક વર્ષ દરમ્યાન આપી શકે. | • એક વર્ષ દરમ્યાન ૭ ઉંદરોને જન્મ આપી શકે. |
| • વર્ષ દરમ્યાન ચાર વખત ગર્ભવન્તુ થઈ શકે. | • કાયમ ગર્ભવન્ત થઈ શકવાની શક્યતા રહેલી હોય છે. |
| • ગર્ભાવસ્થા દરમ્યાન ગર્ભ પરિપકવ થવામાં ૨૨ માસનો સમય લે છે. | • ગર્ભાવસ્થા દરમ્યાન ગર્ભ પરિપકવ થવામાં ૧ માસનો સમય લે છે |
| • કૌટુંબીક રીતે સંખ્યામાં ૨ થી ૩ ની સંખ્યા ત્રણ વર્ષ દરમ્યાન થઈ શકે | • કૌટુંબિક રીતે સંખ્યાં ત્રણ વર્ષ દરમ્યાન ૪૭૬ લાખની થઈ શકે |



**૨. નવાં ઘરમાં સંગત કેવી રીતે ઊભી કરવી તે બાબતને લઈ ને તમારા સહકાર્યકર સાથે યોજના બનાવો.**

ઘરમાં મળતી સંગત સકારાત્મક પાસાની ચર્ચા તમારા સહકાર્યકર સાથે આ રીતે કરો.

- મોટી સંગત કરતા નાની સંગત નવા સમુહની રચના ઝડપથી કરી શકે.
- શીખાઉ પાળક આસાનીથી આગેવાની આપી શકે.
- પોતાના આત્મિક દાનો વડે દરેક એકબીજાને ઉત્સાહીત કરવાની પ્રેરણા આપશે.
- નવા કરારનો સિદ્ધાંત એકબીજા પર પ્રેમ રાખવો તેની આદત પાડી શકશે.

- તેઓને પ્રભુમંદિર માટે આર્થિક એટલે કે પૈસાની જરૂરિયાત હોતી નથી.
- વિરોધી અધિકારીઓ માટે તેઓ દશ્યમાન હોતા નથી.

ઘરમાં મળતા સમુહમાં જે વિશ્વાસુ શીખાઉ પાળક આગેવાની આપી રહ્યો છે તેમને કેવી રીતે આગળ ધપાવવા તે બાબતની **ચર્ચા** તમે તમારા સહકાર્યકર સાથે કરો.

પોલ તિમોથી લીડર ટ્રેનીંગ સ્ટડી એ.ઓજી. સાથે મળીને વાચો. તેના પરથી તમે ''વિશ્વાસુ નવા પાળકની રૂપરેખા'' તૈયાર કરી શકશો.

તમારા સહકાર્યકર સાથે કોણ શીખાઉ પાળક બની શકે તેમ છે તેની ચર્ચા કરો. નવી ઘરની મંડળીમાં જો તે આગેવાની આપવા તૈયાર હોય તો તેની મુલાકાત લઈને તેને તાલિમ લેવા માટે તૈયાર કરો. નવા અને સારા પાળકની ઓળખ આ રીતે કરી શકાય.

- તે પોતાના કુટુંબને આરાધનામાં દોરી શકે છે.
- તે બીજાને એકઠા કરી શકે તેમ છે.
- તેની સામાજીક પ્રતિષ્ઠા સારી છે.

નવી ઘરની મંડળીઓમાં શીખાઉ પાળકો દ્વારા નીચેની પ્રવૃત્તિઓ કરાવવાની યોજન કરો.

- પ્રભુની આરાધના કરવી.
- ઈસુના નામની પ્રાર્થના કરવી.
- નવા વિશ્વાસીઓને બાપ્તિસ્મા આપવાની ક્રિયા.
- ભેગા મળીને પ્રભુની મેજના ભાગીદાર બનવાની ક્રિયા.
- જરૂરિયાતના સમયે તાત્કાલીક મળીને જરૂરીયાત પુરી કરવાનો પ્રયત્ન
- સુવાર્તાનો અભ્યાસ ભેગા મળીને કરવો.
- એકબીજાની સેવા કરવી.
- એકબીજાને પ્રોત્સાહીત કરવા.
- આવી બાબતોની એકબીજા સાથે વહેંચણી કરવી.
- બીજા ઘરની સંગતને સહકાર આપવો.

નાના નાના ઘરોની સંગત ક્યાં અને કેવી રીતે મોટી સભામાં મળી શકે તેમ છે તેનું **આયોજન કરો.** અને શક્ય બને તો તે સભાને આ રીતે મૂલ્યાંકન કરો.

- પવિત્ર શાસ્ત્રના અભ્યાસુ શિક્ષકો તથા આત્માથી ભરપૂર વક્તા ઓને સાંભળો.
- નાના નાના સમુહમાં પ્રભુએ આપેલા આશીર્વાદોની ચર્ચા કરો.
- સંગીત નું તાંલત ધરાવતી વ્યક્તિ સંગીત સાંભળો અને નવા ગીતો શીખો,
- બીજા વિશ્વાસીઓને મળવું અને સંબંધો સ્થાપવા.
- નવી સેવા અને નવી તકો બાબતનું જ્ઞાન મેળવો.
- પ્રભુની આરાધના કરો અને સરકારી અધિકારીઓ માટે પ્રાર્થના કરો.

**ચેતવણી :** મોટી સભા કે સંગત વારંવાર મળશે તો કેટલાંક વિશ્વાસીઓ લાંબે ગાળે ઘરમાં મળતી સંગતમાં આવવાનું ટાળશે.

**૩. આરાધનાની સંગતને વૃદ્ધિ પમાડવા માટે તમારા સહકાર્યકર સાથે આયોજન કરો.**

સંગતની તત્કાલની જરૂરીયાતોને માટેની પ્રવૃત્તિઓ **પસંદ કરો.**

બાળકોએ તૈયાર કરી હોય તેવી નાટક અને પ્રશ્નોત્તરીઓ ને પોતાના વાલીઓ આગળ રજુ કરવાની તક ઊભી કરો.

ભાગ - ૧માં જે બાબતો તમને મળેલ છે. તેની **રજૂઆત કરો અને પ્રશ્નોત્તરી કરો.**

વિશ્વાસીઓ ભેગા મળીને કેવા પ્રકારની પ્રવૃત્તિ કરી શકશે તે તમે **૧ કોરીંથી ઓને પત્ર ૧૪ :૨૬-૩૨ને વાંચી** તેની ઉપર ચર્ચા કરી આગળ વધો.

અમુક પ્રકારની પ્રવૃત્તિઓ વિશ્વાસીઓ પોતાના કુટુંબમાં અને ઘરની સંગતમાં કરી શકે તેવી **આદત પાડો.**

૧ કરીંથીઓને પત્ર ૧૧ :૧૮ થી ૩૪ વાંચી **પ્રભુના મેજની ઓળખ આપો.**

માત્થી ૧૮ :૨૦ સાથે મળીને **મુખપાઠ કરો.**

વિશ્વાસીઓ ત્રણ કે ચાર ના જૂથમાં મળી એકબીજાની રજૂઆતો સાંભળીને રજૂઆતોને ધ્યાને લઈ એકબીજા માટે પ્રાર્થના કરો.



તમે નવા પાળકને તાલિમ આપવા માગતા હો અને હજુ જો તમે નવા શીખાઉ પાળકોને તાલિમ આપનારાઓ માટેની પોલ તિમોથી સ્ટડી ફોર એ.ઓ.એફ. રૂપરેખા વાંચી ન હોય તો કૃપા કરીને વાંચી લેશો

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.